સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

**WEEK 20**

**MAY 2024**
**12-05-24 To 18-05-24**

:::::: સંપાદક ::::::
**મૌલિક ગોંધિયા**

IFFCO
Indian Farmers Fertiliser Cooperative Limited


















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 12 MAY-2024


- દિવસ મહિમા : 12 મે, આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day), મે માસનો બીજો રવિવાર, મધર્સ ડે ........ 02
- ન્યુઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેન કોલિન મુનરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ........ 03
- ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ ........ 03
- QUESTION ANSWERS ........ 08


## 13 MAY-2024


- રૂપિયાની મજબૂતી (Strengthening of Rupee) ........ 09
- બેટિલિપ્સ ચંદ્રાયણી (Batillipes Chandrayaani) ........ 12
- QUESTION ANSWERS ........ 13


## 14 MAY-2024


- મેઘાલયના પ્રથમ મહિલા DGP : ઈદશિશા નોંગરંગ ........ 14
- 30મી સુલતાન અઝલાન શાહ ટ્રોફી : જાપાનનો વિજય ........ 14
- નેપાળના કામી રીતા શેરપાનો વિશ્વ વિક્રમ, 29મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યું ........ 14
- ચીનના ત્રીજા એરક્રાફ્ટ કેરિયરનું પ્રથમ સમુદ્રી પરીક્ષણ ........ 15
- QUESTION ANSWERS ........ 15


## 15 MAY-2024


- દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ (International Day Of Families) ........ 16
- 25 મે ને વિશ્વ ફૂટબોલ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો ........ 16
- શ્રી દિલીપભાઈ સંઘાણી IFFCOના બીજી વખત ચેરમેન બન્યા ........ 16
- SBI IIBXમાં પ્રથમ TCM સભ્ય બન્યું ........ 17
- QUESTION ANSWERS ........ 18


## 16 MAY-2024


- દિવસ મહિમા : 16 મે, આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ (International Day of Light), વિશ્વ કૃષિ-પર્યટન દિવસ (World Agri-Tourism Day), રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day), શાંતીથી એક સાથે રહેવાનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 19
- વર્લ્ડ હાઈડ્રોજન સમિટ 2024 ........ 19
- તમિલનાડુના શ્રી પી.શ્યામનિખિલ ભારતના 85માં ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા ........ 23
- QUESTION ANSWERS ........ 24


## 17 MAY-2024


- દિવસ મહિમા : 17 મે, વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ અથવા વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ, વિશ્વ હાઈપર ટેન્શન દિવસ (World Hypertension Day) ........ 25
- ચાબહાર બંદર કરાર : ભારત - ઈરાન ........ 25
- ગુજરાતના પૂર્વ રાજ્યપાલ કમલા બેનીવાલનું નિધન ........ 27
- QUESTION ANSWERS ........ 29


## 18 MAY-2024


- દિવસ મહિમા : 18 મે, આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day), વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day) અથવા HIV રસી જાગૃતિ દિવસ (HIV Vaccine Awareness Day) ........ 30
- રસ્કિન બોન્ડને સાહિત્ય અકાદમી ફેલોશીપ એનાયત કરવામાં આવી ........ 31
- શ્રી સુનીલ છેત્રીએ ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી ........ 31
- Heat Waves ........ 32
- QUESTION ANSWERS ........ 34

ONE LINER ........ 35

QUESTION OF THIS WEEK ........ 39


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 મે, (1) આતંરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day) (2) મે માસનો બીજો રવિવાર, મધર્સ ડે

### આતંરરાષ્ટ્રીય નર્સ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ (પરિચારિકા) દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સાક્ષાત દેવી સ્વરૂપ નર્સ બહેનોના સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો છે.
- સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- બ્રિટનમાં 'દયાની દેવી' તરીકે પ્રસિધ્ધ થયેલા સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલે 'આધુનિક નર્સિંગ'ની સ્થાપના કરી હતી.
- આથી, તેમનો જન્મ દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- International Council of Nurses (ICN) દ્વારા 1965થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે, 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની ઉજવણી કરવાનો નિર્ણય જાન્યુઆરી, 1974મા થયો હતો.
- અને ત્યારબાદ દર વર્ષે 12 મે ના રોજ આ દિવસ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્ષ 2024ની થીમ

વર્ષ 2024ના 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ 'Our Nurses, Our Future : The Economic Power of Care' છે.

નોંધ : (1) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મ 12 મે, 1820ના રોજ ઈટલીના ફ્લોરેન્સમાં થયો હતો. જોકે, તેમની કર્મભૂમિ બ્રિટન હતી.

(2) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ ક્રિમિઅન યુધ્ધ દરમિયાન ઘાયલ થયેલા બ્રિટિશ સૈનિકોની સંભાળ માટે પ્રસિધ્ધ છે. આ સમયે તેમણે નર્સોના મેનેજર અને ટ્રેનર તરીકે પણ ફરજ બજાવી હતી.

(3) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ 'લેડી વિથ ધ લેમ્પ' (Lady with the lamp) તરીકે પણ જાણીતા છે.

### મધર્સ ડે

સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી જુદા–જુદા દિવસે થાય છે.

- જોકે, ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં મે માસના બીજા રવિવારે 'મધર્સ ડે' ઉજવાય છે.
- આ અંતર્ગત વર્ષ 2024માં ભારતમાં 12 મે ના રોજ 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી.

### આ દિવસની ઉજવણીનો પ્રારંભ

આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ વખત ઉજવણી ઈ.સ. 1908માં સુશ્રી એના જાર્વિસ દ્વારા અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના ગ્રાફટન ખાતે આવેલા એક ચર્ચમાં કરવામાં આવી હતી.

- ઈ.સ. 1912 માં સુશ્રી એના જાર્વિસે 'મે મહિનાનો બીજો રવિવાર' અને 'મધર્સ ડે' શબ્દોના ટ્રેડમાર્ક કરાવ્યા હતા.
- અને તેમણે 'મધર્સ ડે ઈન્ટરનેશનલ'ની સ્થાપના કરી હતી.
- સમગ્ર વિશ્વના પ્રત્યેક માતાનું સન્માન થાય અને તેમનું સ્વાભિમાન જળવાઈ રહે તે માટે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

## ન્યુઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેન કોલિન મુનરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

ન્યુઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેન કોલિન મુનરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.



### કોલિન મુનરો

કોલિન મુનરોનો જન્મ 11 માર્ચ, 1987ના રોજ દક્ષિણ આફ્રિકાના નેતાલ પ્રાંતના ડરબન ખાતે થયો હતો.

- દક્ષિણ આફ્રિકામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા બાદ તેઓ ન્યુઝીલેન્ડ શિફ્ટ થયા હતા.
- કોલિન મુનરોએ વર્ષ 2006માં શ્રીલંકામાં યોજાયેલ અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપમાં ન્યુઝીલેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- જાન્યુઆરી 2013થી તેમણે ન્યુઝીલેન્ડની ટીમ તરફથી આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેમણે તેમની પ્રથમ ટેસ્ટ 11 જાન્યુઆરી, 2013ના રોજ દક્ષિણ આફ્રિકા સામે રમી હતી અને આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી.
- જ્યારે વન–ડે ક્રિકેટમાં તેમણે દક્ષિણ આફ્રિકા સામે પ્રથમ વન–ડે મેચ રમી હતી અને અંતિમ વન–ડે પાકિસ્તાન સામે રમી હતી.

- તથા તેમણે વર્ષ 2012માં દક્ષિણ આફ્રિકા સામે T-20માં ટેસ્ટમાં ડેબ્યુ કર્યુ હતું. અને છેલ્લી T-20 વર્ષ 2020માં ભારત સામે રમી હતી.
- તેમણે 57 વન–ડે મેચમાં 1271 રન બનાવ્યા હતા.
- તથા 65 T-20માં 1724 રન અને 3 સદી ફટકારી હતી.

## ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ



તાજેતરમાં ઈરાને 200-300 ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કરીને ઈઝરાયેલ પર શ્રેણીબદ્ધ હવાઈ હુમલા કર્યા હતા.

- ઈરાને સીરિયાની રાજધાની દમાસ્કસમાં તેના દૂતાવાસ પર ઈઝરાયેલ દ્વારા કરાયેલા હવાઈ હુમલાના જવાબમાં આ પગલું ભર્યુ છે.
- જોકે ઈઝરાયેલના આયર્ન ડોમે ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલોને અટકાવી દીધી હતી.
- ઈરાને આ હુમલાને 'ઓપરેશન ટ્ર પ્રોમિસ' ગણાવ્યું હતું.

### ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષના કારણો શું છે ?

#### ઐતિહાસિક સંદર્ભ

જ્યારે ઈરાનમાં પહલવી વંશ દ્વારા અડધી સદીથી વધુ સમય સુધી શાસન કર્યુ હતું ત્યારે ઈરાની–ઈઝરાયેલ દ્વિપક્ષીય સંબંધો સૌહાદપૂર્ણ રહ્યા હતા.

- ઈરાન ઈઝરાયેલના નવા રાજ્યને માન્યતા આપનાર પ્રથમ મુસ્લિમ દેશોમાંનો એક હતો.
- જોકે, 1979માં ઈરાનની ઈસ્લામિક ક્રાંતિ (ઈરાની ક્રાંતિ) બાદ બંને દેશો વચ્ચેના સંબંધો તૂટી ગયા હતા.
- આમ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે 1979ની ઈરાની ક્રાંતિ બાદથી અશાંત સંબંધો છે, જેણે ઈરાનને શાહના શાસન હેઠળ ઈઝરાયેલના નજીકના સાથીમાંથી ઈસ્લામિક રિપબ્લિકમાં ઈઝરાયેલ પ્રત્યે દુશ્મનાવટમાં પરિવર્તિત કરી દીધું હતું.
- ઈરાન એ શિયા ઈસ્લામ દ્વારા સંચાલિત ઈસ્લામિક પ્રજાસત્તાક છે, જ્યારે ઈઝરાયેલ મુખ્યત્વે યહુદી રાજ્ય છે.
- જોકે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે મર્યાદિત સહકાર 1980ના દાયકા સુધી ચાલુ રહ્યો હતો.
- પરંતુ બાદમાં ઈરાને સીરિયા, ઈરાક, લેબનોન અને યમનમાં પ્રોક્સી મિલિશિયાનું નિર્માણ અને ભંડોળ પૂરું પાડતા પ્રતિકૂળ દુશ્મનાવટ ઊભી થઈ હતી.
- પરિણામે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ઘણા વર્ષથી યુદ્ધનું વલણ વધ્યું છે.

## ઈઝરાયેલ - પેલેસ્ટાઈન સંઘર્ષ

ઈરાન પેલેસ્ટિયનનું સમર્થક છે, જેમાં હમાસ અને હિઝબોલ્લાહ જેવા જૂથોને ઈરાન દ્વારા સમર્થન આપવામાં આવે છે, જેને ઈઝરાયેલ દ્વારા તેમના વિરોધી સંગઠનો ગણવામાં આવે છે.

- આ જૂથોને ઈરાનના સમર્થનથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે.

## ભૌગોલિક રાજકીય દુશ્મનાવટ

ઈઝરાયેલ અને ઈરાન મધ્ય–પૂર્વમાં પ્રભાવ માટે ઝંખતા પ્રાદેશિક હરીફો છે.

- સીરિયા અને યમનના ગૃહ યુદ્ધો સહિત વિવિધ સંઘર્ષોમાં તેઓના વિરોધાભાસી હિતો છે.
- ઈરાન અનુક્રમે અસદ શાસન અને હુથી જૂથને સમર્થન આપે છે, જ્યારે ઈઝરાયેલ આ દેશોમાં ઈરાની પ્રભાવનો વિરોધ કરે છે.

## પ્રોક્સી સંઘર્ષો

ઈરાન અને ઈઝરાયેલ પાડોશી દેશોમાં વિરોધી જૂથોને તેમના સમર્થન દ્વારા પ્રોક્સિ સંઘર્ષમાં રોકાયેલા છે.

- ઉદાહરણ તરીકે લેબનોનમાં હિઝબોલ્લાહ અને ઈરાકમાં શિયા મિલિશિયા માટે ઈરાનનું સમર્થન ઈઝરાયેલ દ્વારા જોખમ તરીકે માનવામાં આવે છે.

## ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષની ભારત પર અસરો

ભારત ઈરાન અને ઈઝરાયેલ બંને સાથે વ્યૂહાત્મક સંબંધો ધરાવે છે અને દાયકાઓથી તે બંને પક્ષો વચ્ચે સંતુલન જાળવવામાં સક્ષમ છે, પરંતુ જો સંઘર્ષ વિસ્તરે છે, તો તેના માટે દ્વિપક્ષીય સ્થિતિ જાળવી રાખવી મુશ્કેલ બનશે.

- ઊભરતો ઈરાન–ઈઝરાયેલ સંઘર્ષ રાજકીય, રાજદ્વારી, આર્થિક કે સુરક્ષા હોય તે અનેક ક્ષેત્રોમાં ભારતીય સ્થિતિસ્થાપકતાની કસોટી કરશે.
- બંને દેશો વચ્ચેની વૃદ્ધિના ભારત માટે સીધા અને મૃત પરિણામો છે મુખ્યત્વે ત્રણ બાબતો પર તેના લોકો, તેના આર્થિક હિતો અને વ્યૂહાત્મક જરૂરિયાતો.
- ઈઝરાયેલ અને તેલ સમૃદ્ધ ઈરાન વચ્ચેનો સંઘર્ષ આ પ્રદેશમાંથી તેલનો પુરવઠો ખોરવી શકે છે, જેના કારણે વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં વધારો આવી શકે છે.
- ભારત પર્સિયન ગલ્ફના મુખ પર સ્થિત વ્યૂહાત્મક સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દ્વારા આશરે 2 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરે છે.
- આ પ્રદેશમાં કોઈપણ સંઘર્ષ અથવા અસ્થિરતા પુરવઠાની અછત તરફ દોરી જશે અને ઊર્જા ખર્ચમાં વધારો કરશે જે ફુગાવા તરફ દોરી જશે અને ભારતમાં આર્થિક વૃદ્ધિને અવરોધશે.

- પશ્ચિમ એશિયામાં મોટા ભારતીય ડાયસ્પોરા (સ્થળાંતર/પ્રવાસીઓ) અને ખાસ કરીને પર્સિયન ગલ્ફ આ પ્રદેશમાં તણાવને કારણે પ્રભાવિત થઈ શકે છે.
- ભારતના વ્યૂહાત્મક જોડાણના હિતોને અસર થઈ શકે છે. જેમાં ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે જોડતા ઈરાનના ચાબહાર બંદરનો સમાવેશ થાય છે.
- લાલ સમુદ્રમાં શિપિંગ વિક્ષેપ આ પ્રદેશના વેપારને અસર કરશે. અહીં વિક્ષેપ વિલંબ, શિપિંગ ખર્ચમાં વધારો અને વૈશ્વિક વેપારમાં અસ્થિરતા તરફ દોરી શકે છે.

## ઈઝરાયેલની એરડિફેન્સ સિસ્ટમ

ઈઝરાયેલની બહુસ્તરીય હવાઈ સંરક્ષણ પ્રણાલીએ તાજેતરમાં ઈરાન દ્વારા છોડવામાં આવેલા 300થી વધુ સશસ્ત્ર ડ્રોન અને લાંબા અંતરની મિસાઈલોને નિષ્ક્રિય કરીને દેશને મોટા હુમલાથી બચાવ્યો હતો.

- એર ડિફેન્સ સિસ્ટમ અવકાશમાંથી અથવા હવામાં આવતા ખતરાઓ સામે ઢાલ છે.
- તે વિવિધ તકનીકોનું સંયોજન છે જે આકાશમાં એરક્રાફ્ટ, મિસાઈલ અથવા ડ્રોનને શોધવા, ટ્રેક કરવા અને નાશ કરવા માટે એક સાથે કામ કરે છે.
- ઈઝરાયેલની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓમાં આયર્ન ડોમ અને સી–ડોમનો સમાવેશ થાય છે.

## આયર્ન ડોમ શું છે ?

તે ઈઝરાયેલની ટૂંકી રેન્જની સપાટીથી હવામાં પ્રહાર કરનાર સંરક્ષણ પ્રણાલી છે.

- આયર્ન ડોમમાં ત્રણ મુખ્ય પ્રણાલીઓ છે જે એક એકસાથે કામ કરે છે, તે વિસ્તાર પર રક્ષણાત્મક કવચ તરીકે કામ કરે છે જ્યાં તે તૈનાત છે.
- કોઈપણ સંભવિત ખતરાને શોધવા માટે તેની પાસે ડિટેક્શન અને ટ્રેકિંગ રડાર છે.
- તેમાં બેટલ મેનેજમેન્ટ અને વેપન કંટ્રોલ સિસ્ટમ (BMC)નો સમાવેશ થાય છે.
- તેમાં મિસાઈલ ફાયરિંગ યુનિટ પણ છે.
- BMC મૂળભૂત રીતે રડાર અને ઈન્ટરસેપ્ટર મિસાઈલ વચ્ચે જોડાણ સ્થાપિત કરે છે.
- તેનો ઉપયોગ રોકેટ, આર્ટિલરી અને મોર્ટાર તેમજ એરક્રાફ્ટ, હેલિકોપ્ટર અને માનવરહિત હવાઈ વાહનો (UAV)નો સામનો કરવા માટે થાય છે.
- તે દિવસ અને રાત સહિત તમામ હવામાન પરિસ્થિતિઓમાં ઉપયોગમાં લેવા માટે સક્ષમ છે.
- તે 90%થી વધુના સફળતા દરનો દાવો કરે છે.

## C-Dom વિશે



તે ઈઝરાયેલની આયર્ન ડોમ એર ડિફેન્સ સિસ્ટમનું નેવલ વર્ઝન છે, જેનો ઉપયોગ રોકેટ અને મિસાઈલ હુમલાઓ સામે રક્ષણ કરવા માટે થાય છે.

- તે સૌપ્રથમ વર્ષ 2014માં અનાવરણ કરવામાં આવ્યું હતું અને નવેમ્બર, 2022માં કાર્યરત થયાની જાહેરાત કરવામાં આવી હતી.
- તે આયર્ન ડોમની જેમ જ કાર્ય કરે છે.
- આયર્ન ડોમથી વિપરીત તેનું પોતાનું સમર્પિત રડાર છે, સી–ડોમ તેના લક્ષ્યોને શોધવા માટે જહાજના રડાર સાથે સંકલિત છે.
- તે આધુનિક જોખમો–દરિયાઈ અને દરિયાકાંઠા સામે સંપૂર્ણ જહાજ સંરક્ષણ અને ઉચ્ચ ઘાતકતાની ખાતરી આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) ઈઝરાયેલ દેશ પશ્ચિમ એશિયાના દક્ષિણ લેવન્ટ પ્રદેશમાં આવેલો છે.

(2) ઈઝરાયેલની ઉત્તરમાં લેબનોન, ઉત્તરપૂર્વમાં સીરિયા, પૂર્વમાં જોર્ડન, દક્ષિણમાં લાલ સમુદ્ર, દક્ષિણપશ્ચિમમાં ઈજિપ્ત, પશ્ચિમમાં ભૂમધ્ય સમુદ્ર અને પેલેસ્ટિયન પ્રદેશો તથા પૂર્વમાં પશ્ચિમ કાંઠે અને દક્ષિણ પશ્ચિમ સાથે ગાઝા પટ્ટી આવેલી છે.

(3) ઈઝરાયેલની સરકારી બેઠક અને ઘોષિત રાજધાની જેરૂસલેમમાં છે, જે પવિત્ર ભૂમિ તરીકે ઓળખાય છે.

(4) ઈરાન દેશ પશ્ચિમ એશિયામાં આવેલો છે. ઈરાનને પર્શિયા અને ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનથી પણ ઓળખવામાં આવે છે.

(5) ઈરાનની પશ્ચિમમાં ઈરાક અને ઉત્તરપશ્ચિમમાં તુર્કી, અઝરબૈજાન, આર્મેનિયા અને કેસ્પિયન સમુદ્ર અને ઉત્તરમાં તુર્કમેનિસ્તાન, પૂર્વમાં અફઘાનિસ્તાન, દક્ષિણપૂર્વમાં પાકિસ્તાન, ઓમાનનો અખાત અને દક્ષિણમાં પર્સિયન ગલ્ફ છે.

(6) ઈરાનનું પાટનગર અને સૌથી મોટું શહેર તેહરાન છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 મે (B) 11 મે (C) 12 મે (D) 13 મે **(C)**

2. કોનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) સુશ્રી એના હાર્વિસ (B) સુશ્રી પેરિસ હિલ્ટન

(C) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ (D) સુશ્રી જસ્ટિન બિઅબર **(C)**

3. વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ શું છે ?

(A) A Voice to lead - invest in nursing and respect right to secure global health

(B) Nurses : A voice to lead - health for all

(C) Our Nurses, Our Future : The Economic Power of Care

(C) ત્રણેય પૈકી એકપણ નહીં **(C)**

4. ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?

(A) મે માસના પ્રથમ શનિવારે (B) મે માસના બીજા શનિવારે

(C) મે માસના પ્રથમ રવિવારે (D) મે માસના બીજા રવિવારે **(D)**

5. તાજેતરમાં કોલિન મુનરોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તે કયા દેશની ટીમ સાથે સંકળાયેલ હતા ?

(A) ન્યુઝીલેન્ડ (B) દ.આફ્રિકા (C) આયર્લેન્ડ (D) ઈંગ્લેન્ડ **(A)**

6. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઈરાન–ઈઝરાયેલ' સંદર્ભે નીચેના નિવેદનો ધ્યાને લો :

1. ઈરાન ઈઝરાયેલના નવા રાજ્યને માન્યતા આપનાર પ્રથમ મુસ્લિમ દેશોમાંનો એક હતો.

2. 1979માં ઈરાની ક્રાંતિ બાદ બંને દેશના સંબંધો તૂટી ગયા હતા.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રૂપિયાની મજબૂતી (Strengthening of Rupee)



તાજેતરમાં કરેલા એક વિશ્લેષણ મુજબ છેલ્લા 10 વર્ષમાં ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે લગભગ 27.6 ટકા જેટલો નબળો પડ્યો છે.

- અમેરિકન ડોલર (US dollar) સામે રૂપિયો 2004 થી 2014 દરમિયાન રૂ.44.37થી ઘટીને રૂ.60.34 (25.5%) થયો હતો.
- 2014 થી 2024ની વચ્ચે અમેરિકન ડોલરની સામે રૂપિયો વધુ 60.34 થી રૂ. 83.38 (27.6%) સુધી નબળો પડ્યો છે.
- 2004 અને 2024ની વચ્ચે રૂપિયો 40 કરન્સી બાસ્કેટ NEER મુજબ 32.2% (133.77 થી 90.76) અને 6 કરન્સી બાસ્કેટ NEER મુજબ 40.2% (139.77 થી 83.65 સુધી) નો ઘટાડો થયો છે.
- યુએસ ડોલર સામે રૂપિયાનો સરેરાશ વિનિમય દર 45.7% ઘટીને રૂ.44.9 થી રૂ.82.8 થયો છે.
- તે 2004 અને 2024ની વચ્ચે માત્ર યુએસ ડોલર સામે તેના અવમૂલ્યનની સરખામણીમાં ભારતના મુખ્ય વેપારી ભાગીદારોની કરન્સી સામે રૂપિયો ઓછો અવમૂલ્યનમાંથી પસાર થયો છે.
- ભારત માત્ર અમેરિકા સાથે જ વેપાર કરતું નથી, તે અન્ય દેશોમાં માલસામાન અને સેવાઓની નિકાસ પણ કરે છે અને તેમાંથી આયાત પણ કરે છે. તેથી, રૂપિયાની મજબૂતાઈ અથવા નબળાઈ માત્ર યુએસ ડોલર સાથેના તેના વિનિમય દર પર જ નહીં પરંતુ, અન્ય વૈશ્વિક ચલણો સાથે પણ આધાર રાખે છે.
- પરંતુ જો આપણે તમામ મુખ્ય વૈશ્વિક કરન્સી સાથે તેના વિનિમય દર પર નજર કરીએ તો, રૂપિયો 'ખરેખર' મજબૂત થયો છે.
- અમેરિકન ડોલર સામે રૂપિયો નબળો પડ્યો છે ત્યારે દેશના સૌથી મહત્ત્વપૂર્ણ વેપારી ભાગીદારોની કરન્સી સામે તે 'મજબૂત' થયો છે. તેને 'અસરકારક વિનિમય દર' અથવા રૂપિયાનો EER કહેવામાં આવે છે.

### વિનિમય દર શું છે ? (What is an Exchange Rate)

વિનિમય દર એ દર છે કે જેના પર એક ચલણ બીજા ચલણ માટે બદલી શકાય છે, તે અન્ય ચલણના સંદર્ભમાં એક ચલણના મૂલ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

- વિનિમય દરો સામાન્ય રીતે અન્ય ચલણના એક યુનિટને ખરીદવા માટે જરૂરી એક ચલણની રકમ તરીકે દર્શાવવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિનિમય દરના પ્રકારો

(1) સ્થિર (નિશ્ચિત) વિનિમય દર (Fixed Exchange Rate) :

સરકારો અથવા કેન્દ્રીય બેંકો તેમના ચલણનું મૂલ્ય અન્ય ચલણના સંબંધમાં નિર્ધારિત કરે છે અને વિદેશી વિનિમય બજારોમાં તેમના પોતાના ચલણની ખરીદી અથવા વેચાણ દ્વારા તે મૂલ્ય જાળવી રાખે છે.

(2) લવચીક વિનિમય દર (Floating Exchange Rate) :

ચલણનું મૂલ્ય પુરવઠા અને માંગના આધારે ફોરેક્સ માર્કેટ દ્વારા નક્કી કરવામાં આવે છે. મોટા ભાગની કરન્સી આ સિસ્ટમ હેઠળ કામ કરે છે.

(3) સંચાલિત વિનિમય દર (Managed Exchange Rates) :

સ્થિર (નિશ્ચિત) અને ફ્લોટિંગ વિનિમય દરોનું મિશ્રણ જ્યાં સરકારો તેમના ચલણના મૂલ્યને સ્થિર કરવા માટે ક્યારેક ક્યારેક દરમિયાનગીરી કરે છે.

## વિનિમય દરને અસર કરતા પરિબળો

વિનિમય દરને અસર કરતા પરિબળો નીચે મુજબ છે :

(1) વ્યાજ દરો : દેશમાં ઊંચા વ્યાજ દરો વિદેશી રોકાણને આકર્ષિત કરે છે, તે દેશના ચલણની માંગમાં વધારો કરે છે અને તેના વિનિમય દરને મજબૂત બનાવે છે.

(2) ફુગાવો : જો કોઈ દેશમાં ફુગાવો તેના વેપારી ભાગીદારોની તુલનામાં વધુ હોય, તો તેની ખરીદ શક્તિ ઘટવાથી તેનું ચલણ નબળું પડે છે.

(3) આર્થિક વૃદ્ધિ : એક મજબૂત અને વિકસતી અર્થવ્યવસ્થા દેશના ચલણમાં વિશ્વાસને ઉત્તેજન આપે છે.

(4) પુરવઠો અને માંગ : પુરવઠો અને માંગનો મૂળભૂત સિદ્ધાંત મુખ્ય ભૂમિકા ભજવે છે : જો વધુ લોકો કોઈ ચોક્કસ ચલણ (ઉચ્ચ માંગ) ખરીદવા માંગતા હોય તો તેનો વિનિમય દર મજબૂત બને છે.

## EER શું છે ?

EERનું પૂરું નામ 'Effective Exchange Rate' (અસરકારક વિનિમય દર) છે.

- ચલણનો અસરકારક વિનિમય દર (EER) એ અન્ય કરન્સી સામે તેના વિનિમય દરોની ભારિત સરેરાશ છે, જે ફુગાવા અને વેપાર સ્પર્ધાત્મકતા માટે સમાયોજિત છે.
- ચલણની મજબૂતાઈ વ્યક્તિગત દેશોના હિસ્સામાંથી ભારતના કુલ વિદેશી વેપારમાં મેળવવામાં આવે છે.

**નોંધ :** (1) ચલણની મજબૂતાઈ અથવા નબળાઈ તે ચલણના તમામ વેપારી ભાગીદારોના ચલણ સાથેના વિનિમય દર પર આધાર રાખે છે.

(2) ભારત માટે રૂપિયાની મજબૂતાઈ અથવા નબળાઈ એ માત્ર યુએસ ડોલર જ નહીં, પરંતુ અન્ય વૈશ્વિક ચલણો સાથે પણ તેના વિનિમય દરનું કાર્ય કરે છે.

(3) નોમિનલ ઈફેક્ટિવ એક્સચેન્જ રેટ (NEER) એ સ્થાનિક ચલણ અને મુખ્ય વેપારી ભાગીદારોની કરન્સી વચ્ચેના દ્વિપક્ષીય વિનિમય દરોની એક સરળ સરેરાશ છે, જે સંબંધિત ટ્રેડ શેર્સ દ્વારા વેઈટેડ છે.

(4) જ્યારે 'વાસ્તવિક અસરકારક વિનિમય દર' (REER) ભારત અને તેના વેપારી ભાગીદારો વચ્ચે ફુગાવાના તફાવત માટે NEERને સમાયોજિત કરે છે.

## ભારતીય અર્થતંત્ર પર ચલણના અવમૂલ્યનની અસરો

| સકારાત્મક અસરો | નકારાત્મક અસરો |
|---|---|
| – ભારતીય નિકાસ વિદેશી ખરીદદારો માટે સસ્તી બને છે, સંભવિતપણે માંગમાં વધારો થાય છે અને નિકાસની આવકમાં વધારો થાય છે. | – તેલ અને મશીનરી જેવી આવશ્યક ચીજવસ્તુઓ સહિત આયાત કરેલ માલ વધુ મોંઘો બની જાય છે. |
| – રૂપિયો નબળો પડવાથી વિદેશમાં કામદારો જ્યારે તેમની વિદેશી ચલણની કમાણીને પરિવર્તિત કરે છે ત્યારે તેઓ વધુ રૂપિયા ઘરે પાછા મોકલે છે. | – તેનાથી ફુગાવાના દબાણમાં પરિણમી શકે છે જ્યાં સામાન સેવાઓના સામાન્ય ભાવ સ્તરમાં વધારો થાય છે, જે સામાન્ય માણસની ખરીદ શક્તિને અસર કરે છે. |
| – તેનાથી ભારતમાં નિકાલજોગ આવક (Disposable Income) વધી શકે છે. | – જો ભારતે વિદેશી ચલણમાં નાણા ઉછીના લીધા હોય, તો નબળો રૂપિયો એટલે દેવુ સેટલ કરવા માટે વધુ રૂપિયા ચૂકવવા પડે છે. |
| | – તેનાથી સરકારના નાણા પર ભાર આવી શકે છે. |



## બેટિલિપ્સ ચંદ્રાયણી (Batillipes Chandrayaani)



કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સંશોધકોએ ચંદ્રયાન-3 મિશનની યાદમાં તમિલનાડુના દક્ષિણપૂર્વ કિનારેથી નવી શોધાયેલી દરિયાઈ ટાર્ડીગ્રેડ પ્રજાતિનું નામ 'બેટિલિપ્સ ચંદ્રયાની' રાખ્યું છે.

- તે તમિલનાડુના મંડપમ ખાતે ઉચ્ચ અને નીચા ભરતીના નિશાન વચ્ચે રેતાળ વિસ્તારમાં જોવા મળ્યું હતું.
- બેટિલિપ્સ ચંદ્રાયણી એ ટાર્ડીગ્રેડ અને બેટિલિપિડે પરિવારની છે.
- બેટિલિપ્સ ચંદ્રયણી એ ભારતીય પાણીમાં ઓળખાતી ત્રીજી દરિયાઈ ટાર્ડીગ્રેડ પ્રજાતિ છે અને બીજી પૂર્વ કિનારે જોવા મળે છે.
- ટાર્ડિગ્રેડ્સને ઘણી વખત 'પાણીના રીંછ' (Water Bears) તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં સમાચારમાં રહેલ વિનિમય દર શું છે ? (What is an Exchange Rate)

(A) વિનિમય દર એ દર છે કે જેના પર એક ચલણ બીજા ચલણ માટે બદલી શકાય છે, તે અન્ય ચલણના સંદર્ભમાં એક મૂલ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

(B) વિનિમય દરો સામાન્ય રીતે અન્ય ચલણના એક યુનિટને ખરીદવા માટે જરૂરી એક ચલણની રકમ તરીકે દર્શાવવામાં આવે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

---

2. ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો :

1. નોમિનલ ઈફેક્ટિવ એક્સચેન્જ રેટ (NEER)માં વધારો રૂપિયાની વૃદ્ધિ સૂચવે છે.
2. વાસ્તવિક અસરકારક વિનિમય દર (REER)માં વધારો વેપાર સ્પર્ધાત્મકતામાં વધારો સૂચવે છે.
3. વાસ્તવિક અસરકારક વિનિમય દર (REER) ભારત અને તેના વેપારી ભાગીદારો વચ્ચે ફુગાવાના તફાવત માટે NEERને સમયોજિત કરે છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 (B)

---

3. તાજેતરમાં સમાચારોમાં રહેલ 'બેટિલિપ્સ ચંદ્રાયણી' શું છે ?

(A) દરિયાઈ ટાર્ડીગ્રેડ પ્રજાતિ (B) જાપાનનું ચંદ્ર મિશન

(C) ચિન–પાકિસ્તાનનું ચંદ્ર મિશન (D) ટાપુનું નામ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મેઘાલયના પ્રથમ મહિલા DGP : ઈદશિશા નોંગરંગ

તાજેતરમાં ઈદશિશા નોંગરાંગેની મેઘાલયના પોલીસ મહાનિર્દેશક (DGP) તરીકે નિમણૂક કરવામાં આવી છે.



- આ સાથે તેઓ મેઘાલયના પ્રથમ મહિલા DGP બન્યા છે.
- DGP તરીકે તેમની પસંદગીની દેખરેખ મેઘાલય સુરક્ષા કમિશન દ્વારા કરવામાં આવી હતી.
- તેઓ મેઘાલયના DGP તરીકે લજ્જા રામ બિશ્નોઈનું સ્થાન લેશે.
- તેઓ 1992ની બેચના IPS અધિકારી છે.

## 30મી સુલતાન અઝલાન શાહ ટ્રોફી : જાપાનનો વિજય

વર્ષ 2024માં સુલતાન અઝલાન શાહ કપની 30મી આવૃત્તિ મલેશિયામાં અઝલાન શાહ સ્ટેડિયમ (ઈપોહ) ખાતે 4 થી 11 મે 2024 દરમિયાન યોજાઈ હતી.

- જેમાં જાપાને પેનલ્ટી શૂટઆઉટમાં પાકિસ્તાનને 4-1 થી હરાવીને સુલતાન અઝલાન શાહ ટ્રોફી જીતી હતી.
- આ જીત સાથે જાપાને આ ટુર્નામેન્ટમાં પ્રથમ ટાઈટલ જીત્યું છે.
- જાપાન, પાકિસ્તાન, કેનેડા, દક્ષિણ કોરિયા, ન્યુઝીલેન્ડ અને યજમાન રાષ્ટ્ર મલેશિયા એમ છ ટીમોએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.
- સુલતાન અઝલાન શાહ કપ મલેશિયામાં યોજાતિ વાર્ષિક આમંત્રિત આંતરરાષ્ટ્રીય પુરુષ ક્ષેત્રની હોકી ટુર્નામેન્ટ છે.




## નેપાળના કામી રીતા શેરપાનો વિશ્વ વિક્રમ, 29મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કર્યું

નેપાળના 10 પ્રોફેશનલ પર્વતારોહકોએ તાજેતરમાં માઉન્ટ એવરેસ્ટ પર ચઢવામાં સફળતા હાંસલ કરી હતી.

- જે આ સિઝનમાં વિશ્વના સૌથી ઊંચા શિખર સર કરનાર પહેલી અભિયાન ટીમ છે.
- જેમાં નેપાળના દિગ્ગજ પર્વતારોહક કામી રીતા શેરપાએ ઈતિહાસ રચ્યો હતો.
- તેમણે 29મી વખત દુનિયાની સૌથી ઊંચાઈ પર માઉન્ટ એવરેસ્ટ ચઢયો છે.
- આ સાથે તેમણે વધુ વખત માઉન્ટ એવરેસ્ટ ચઢનાર પર્વતારોહક બની પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે.



## ચીનના ત્રીજા એરક્રાફ્ટ કેરિયરનું પ્રથમ સમુદ્રી પરીક્ષણ



ચીનના ત્રીજા એરક્રાફ્ટ કેરિયર, ફુજિયાને (Fujian) તેનું આઠ દિવસનું પ્રથમ સમુદ્રી પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

- Fujian એક 80,000 ટનનું સુપર કેરિયર છે, જેમાં એરક્રાફ્ટ લોન્ચ કરવા માટે ઈલેક્ટ્રોમેગ્નેટિક કેટપ્લટ્સ છે.
- પરીક્ષણો પ્રોપલ્શન, ઈલેક્ટ્રિક સિસ્ટમ અને અન્ય સાધનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ચીનનું પ્રથમ એરક્રાફ્ટ કેરિયર લિયાઓનિંગ 2012માં અને બીજું કેરિયર શેનડોંગ 2017માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચીન દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે તે તેનું ચોથું એરક્રાફ્ટ કેરિયર તૈયાર કરી રહ્યું છે, જે સંભવત : પરમાણુ સંચાલિત કેરિયર હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ઈદશિશા નોંગરંગને કયા રાજ્યના પ્રથમ મહિલા પોલીસ મહાનિર્દેશક (DGP) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?
(A) નાગાલેન્ડ (B) સિક્કિમ (C) મેઘાલય (D) આસામ **(C)**

2. તાજેતરમાં કયા દેશે 30મી સુલતાન અઝલાન શાહ ટ્રોફી જીતી છે ?
(A) જાપાન (B) ભારત (C) બાંગ્લાદેશ (D) ઈરાન **(A)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ પર્વતારોહક કામી રીતા શેરપા કયા દેશના છે ?
(A) ભૂટાન (B) ચીન (C) નેપાળ (D) ભારત **(C)**

4. પર્વતારોહક કામી રીતા શેરપાએ માઉન્ટ એવરેસ્ટ પર વિક્રમી કેટલામી વખત ચઢાણ કર્યું છે ? (મે 2023ની સ્થિતિએ)
(A) 17મી વખત (B) 22મી વખત (C) 26મી વખત (D) 29મી વખત **(D)**

5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Fujian' શું છે ?
(A) ચીનનું એરક્રાફ્ટ કેરિયર (B) જાપાનનું પ્રવાસ ક્રૂ જહાજ
(C) દક્ષિણ કોરિયાનું એક શહેર (D) યુક્રેનમાં આવેલ પરમાણુ પાવર પ્લાન્ટ **(A)**

## દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ (International Day Of Families)

## 25 મે ને વિશ્વ ફૂટબોલ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો



યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ સર્વસંમતિથી 25 મે ને વિશ્વ ફૂટબોલ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

- જે વિશ્વની સૌથી લોકપ્રીય રમતની વૈશ્વિક ઉજવણીમાં એક મહત્ત્વપૂર્ણ સિમાચિન્હરૂપ છે.
- યુએનમાં લિબિયાના રાજદૂત, તાહેર અલ–સોનીએ ઠરાવ રજૂ કર્યો હતો, જેને સર્વસંમતિ સમર્થન મળ્યું હતું અને 160થી વધુ સભ્ય દેશો દ્વારા સહ–પ્રાયોજિત કરવામાં આવ્યું હતું.

### 25 મે શા માટે પસંદ કરવામાં આવી

25 મે, 1924ના રોજ '1924 પેરિસ સમર ઓલિમ્પિક ફૂટબોલ ઈવેન્ટ'માં વિશ્વના તમામ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું.

- આ વર્ષે સમર ઓલિમ્પિક્સ પેરિસમાં યોજાઈ રહી છે અને 25 મે, 2024ના રોજ 1924ના ફૂટબોલ ઈવેન્ટની 100મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે.
- આ મહત્ત્વપૂર્ણ ઘટનાની ઉજવણી કરવા માટે સંયુક્ત રાષ્ટ્રએ સર્વાનુમતે 25 મે ને 'વિશ્વ ફૂટબોલ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી દિલીપભાઈ સંઘાણી IFFCOના બીજી વખત ચેરમેન બન્યા



તાજેતરમાં IFFCOના ચેરમેન તરીકે શ્રી દિલીપભાઈ સંઘાણીની નિયુક્તિ કરવામાં આવી છે.

- તેઓ સતત બીજી વખત IFFCOના ચેરમેન તરીકે નિમણૂક પામ્યા છે.
- આ ઉપરાંત વાઈસ ચેરમેન તરીકે શ્રી બલવિંદરસિંઘની નિયુક્તિ કરવામાં આવી છે.
- જ્યારે ગુજરાત IFFCOના ડિરેક્ટર પદે શ્રી જયેશભાઈ રાદડિયા વિજેતા બન્યા છે.

### IFFCO

IFFCOનું પૂરું નામ 'Indian Farmers Fertiliser Cooperative Limited' છે.

- IFFCO એ ખાતરના ઉત્પાદન અને માર્કેટિંગમાં સામેલ ભારતની સૌથી મોટી સહકારી મંડળી છે.

- વર્ષ 1967માં માત્ર 57 સહકારી મંડળીઓની સાથે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્તમાન IFFCO 36,000થી વધુ ભારતીય સહકારી મંડળીઓનું જૂથ છે.
- IFFCOનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

નોંધ : (1) IFFCO તેની માથાદીઠ GDPના ટર્નઓવર દ્વારા વિશ્વની સૌથી મોટી સહકારી મંડળી છે.
(2) થોડા સમય પહેલા IFFCOએ વિશ્વભરના ખેડૂતો માટે વિશ્વનું પ્રથમ નેનો યુરિયા લિક્વિડ રજૂ કર્યું હતું.

## SBI IIBXમાં પ્રથમ TCM સભ્ય બન્યું

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)એ જાહેરાત કરી છે કે તે ગિફ્ટ સિટી ગાંધીનગરમાં 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ' (IIBX) ખાતે ટ્રેડિંગ કમ ક્લિયરિંગ (TCM) સભ્ય બનનાર પ્રથમ બેંક બની છે.

- તે SBIના IFSC બેન્કિંગ યુનિટ (IBU)ને IIBX પ્લેટફોર્મ પર વેપાર કરવા સક્ષમ બનાવે છે.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં IBUને ટ્રેડિંગ મેમ્બર તરીકે કામ કરવાની અને IIBX ખાતે ટ્રેડિંગ અને ક્લિયરિંગ મેમ્બર તરીકે સ્પેશિયલ કેટેગરી ક્લાયન્ટ્સ (SCC) તરીકે બુલિયન એક્સચેન્જ દ્વારા સોનાની આયાત કરવાની મંજૂરી આપી છે.
- આ પગલાથી IIBX ખાતે સોના અને ચાંદીના ટ્રેડિંગ વોલ્યુમમાં વધારો થવાની તેમજ ભારતના બુલિયન માર્કેટમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવાની શક્યતા છે.

નોંધ : (1) ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA) દ્વારા નિયંત્રિત, IIBX ગિફ્ટ સિટી એ IFSCમાં સ્થાપિત ભારતનું પ્રથમ બુલિયન એક્સચેન્જ છે.
(2) બુલિયન માર્કેટ એ છે જ્યાં વેપારીઓ સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓનો વેપાર કરે છે, જેમાં ખરીદદારો અને વિક્રેતાઓ વચ્ચે અને ઓક્શન માર્કેટ વચ્ચે સીધુ વિનિમય થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ પરિવાર દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે **(B)**

2. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ કયા દિવસને 'વિશ્વ ફૂટબોલ દિવસ' જાહેર કર્યો છે ?

(A) 6 મે (B) 7 મે (C) 15 મે (D) 25 મે **(D)**

3. તાજેતરમાં IFFCOના ચેરમેન તરીકે કોણ ચૂંટાયું છે ?

(A) શ્રી દિલીપભાઈ સંઘાણી (B) શ્રી મોહનભાઈ કુંડારિયા

(C) શ્રી મનસુખ માંડવિયા (D) શ્રી વિજયભાઈ રૂપાણી **(A)**

4. 'IFFCO' સંદર્ભે નીચેના નિવેદનો ધ્યાને લો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેનું પૂરું નામ 'Indian Farmers Fertiliser Cooperative Limited' છે.
2. વર્ષ 1967માં 57 સહકારી મંડળીઓ સાથે તેની સ્થાપના કરવામાં આવી હતી.
3. તેનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
4. તે ખાતરના ઉત્પાદન અને માર્કેટિંગમાં સામેલ ભારતની સૌથી મોટી સહકારી મંડળી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

5. તાજેતરમાં કઈ બેંકએ જાહેરાત કરી હતી કે તે 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ'(IIBX) ખાતે ટ્રેડિંગ કમ ક્લિયરિંગ (TCM) સભ્ય બનનાર પ્રથમ બેંક બની છે ?

(A) HDFC (B) AXIS (C) SBI (D) ICICI **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 16 મે,**
(1) આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ (International Day of Light)
(2) વિશ્વ કૃષિ-પર્યટન દિવસ (World Agri-Tourism Day)
(3) રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day)
(4) શાંતીથી એક સાથે રહેવાનો આંતરરાષ્ટ્રીય દિવસ

## વર્લ્ડ હાઈડ્રોજન સમિટ 2024




નેધરલેન્ડના રોટરડેમમાં આયોજિત પ્રતિષ્ઠિત વર્લ્ડ હાઈડ્રોજન સમિટ 2024માં નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયનું પેવેલિયન વિશ્વના સૌથી મોટા પેવેલિયનમાંનું એક છે.

- તે ગ્રીન હાઈડ્રોજનમાં દેશની નોંધપાત્ર પ્રગતિ દર્શાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

### ભારતનું ગ્રીન હાઈડ્રોજન મિશન

જાન્યુઆરી 2023માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે 'નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન' (National Green Hydrogen Mission)ને મંજૂરી આપી છે.

- આ મિશનનો ઉદ્દેશ્ય ગ્રીન હાઈડ્રોજન અને તેના ડેરિવેટિવ્ઝના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવાનો છે.
- તે ભારતને ઊર્જાથી સ્વતંત્ર બનાવવા અને અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોને ડીકાર્બોનાઈઝ કરવામાં મદદ કરશે.
- આ મિશન માટે પ્રારંભિક ખર્ચ રૂ.19,744 કરોડ છે.

### નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન

નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન એ ગ્રીન હાઈડ્રોજનના વ્યાપારી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને ભારતને ઈંધણનો ચોખ્ખો નિકાસકાર બનાવવાનો એક કાર્યક્રમ છે.

- આ મિશન ગ્રીન હાઈડ્રોજનની માંગમાં વધારો કરશે તેમજ તેના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસને પ્રોત્સાહન આપશે.

# NATIONAL GREEN HYDROGEN MISSION

| મિશન માટે પ્રારંભિક ખર્ચ : રૂ.19,744 કરોડ | નોડલ મંત્રાલય : નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય |
|---|---|




## 2030 સુધીમાં લગભગ 125GWનો રિન્યુએબલ એનર્જી ક્ષમતાનો ઉમેરો

| 2030 સુધીમાં 6 લાખથી વધુ નોકરીનું સર્જન | 2030 સુધીમાં વાર્ષિક ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ 50 MMT ઘટાડો | 8 લાખ કરોડથી વધુનું રોકાણ |
|---|---|---|

## પેટા યોજનાઓ

### ગ્રીન હાઈડ્રોજન ટ્રાન્ઝિશન કાર્યક્રમ માટે વ્યૂહાત્મક હસ્તક્ષેપ

તે ઈલેક્ટ્રોલાઈઝરના સ્થાનિક ઉત્પાદન માટે ભંડોળ પૂરું પાડશે અને ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરશે.

### ગ્રીન હાઈડ્રોજન હબ

હાઈડ્રોજનના મોટા પાયે ઉત્પાદન અથવા ઉપયોગને સમર્થન આપવા સક્ષમ રાજ્યો અને પ્રદેશોને ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે ઓળખવામાં આવશે અને વિકસાવવામાં આવશે.

## નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનના ઉદ્દેશ્યો

- 2030 સુધીમાં ભારતમાં લગભગ 125 ગીગાવોટની નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ઉમેરવાની સાથે વાર્ષિક ઓછામાં ઓછા 5 MMT (મિલિયન મેટ્રિક ટન)ની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા વિકસાવવી.
- તે કુલ રોકાણમાંથી રૂ.8 લાખ કરોડથી વધુ રોકાણ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે અને તેનાથી છ લાખ નોકરીઓ ઉત્પન્ન થવાની અપેક્ષા છે.
- તેના કારણે અશ્મિભૂત ઈંધણની આયાતમાં રૂ.1 લાખ કરોડથી વધુનો સંચિત ઘટાડો થશે અને વાર્ષિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ 50 MTનો ઘટાડો થશે.

## નોડલ મંત્રાલય

નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયની સમગ્ર દેખરેખ અને માર્ગદર્શન હેઠળ નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન અમલમાં આવશે.

## મહત્વ

તે ઔદ્યોગિક, પરિવહન અને ઊર્જા ક્ષેત્રોનું ડીકાર્બોનાઈઝેશન આયાતી અશ્મિભૂત ઈંધણ અને ફીડસ્ટોક્સ પરની નિર્ભરતા ઘટાડવામાં, સ્થાનિક ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા, નોકરીઓનું સર્જન કરવામાં અને નવી ટેક્નોલોજીને આગળ વધારવામાં ફાળો આપશે.

## ક્ષમતા

ભારત ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે અનુકૂળ ભૌગોલિક સ્થાન તેમજ સૂર્યપ્રકાશ અને હવાની પુષ્કળ ઉપલબ્ધતા ધરાવે છે.

- જ્યાં ડાયરેક્ટ ઈલેક્ટ્રિફિકેશન શક્ય નથી એવા વિસ્તારોમાં ગ્રીન હાઈડ્રોજન ટેક્નોલોજીનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે.
- આમાંના કેટલાક ઉદ્યોગોમાં લાંબા અંતરના પરિવહન, કેટલાક ઔદ્યોગિક અને પાવર સેક્ટરમાં ઉચ્ચ સંગ્રહ ક્ષમતાના સાધનોનો સમાવેશ થાય છે.
- ઉચ્ચ–મૂલ્યવાળી ગ્રીન પ્રોડક્ટ્સ અને એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ સેવાઓની નિકાસ માટે પ્રાદેશિક હબનો વિકાસ ઉદ્યોગના પ્રારંભિક તબક્કાને કારણે શક્ય છે.

## હાઈડ્રોજન વિશે

હાઈડ્રોજન એ રંગહીન, ગંધહીન, સ્વાદહીન, બિન–ઝેરી અને અત્યંત જ્વલનશીલ વાયુ પદાર્થ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે આવર્ત કોષ્ટકનું પ્રથમ તત્વ છે અને અન્ય બધા તત્વોથી હલકુ હોય છે.
- તથા હાઈડ્રોજનનો પરમાણુ ક્રમાંક 1 છે.
- હાઈડ્રોજન શબ્દ ગ્રીક ભાષાના બે શબ્દો પાણી (Hydro) અને ઉત્પન્ન થવું (gene) પરથી રચાયેલ છે. એટલે કે પાણી ઉત્પન્ન કરનાર તરીકે ઓળખાય છે.
- હાઈડ્રોજન પરમાણુ વધુ સક્રિય હોવાથી તે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.

**નોંધ:** (1) હાઈડ્રોજનની શોધ હેનરી કેવેન્ડીસે કરી હતી.

(2) હાઈડ્રોજનને 'ભવિષ્યનું બળતણ' પણ કહે છે.

(3) હાઈડ્રોજન બ્રહ્માંડમાં સૌથી વધુ પ્રમાણમાં ઉપલબ્ધ છે પરંતુ શુદ્ધ હાઈડ્રોજનનું પ્રમાણ ઘણુ ઓછું છે. તે ઓક્સિજન સાથે H2O, અને અન્ય સંયોજનમાં લગભગ હમેંશા હાજર હોય છે.

## ગ્રીન હાઈડ્રોજન શું છે ?

ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન વિદ્યુત વિચ્છેદન–વિશ્લેષણ દ્વારા ઊર્જાના નવીનીકરણીય સ્ત્રોતો જેમ કે સૌર, પવન અથવા હાઈડલ પાવરનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

- જ્યારે વિદ્યુત પ્રવાહ પાણીમાંથી પસાર થાય છે, ત્યારે તે વિદ્યુત વિચ્છેદન દ્વારા તેને મૂળ ઓક્સિજન અને હાઈડ્રોજનમાં વિભાજિત કરે છે.
- જો આ પ્રક્રિયા માટે વપરાતી વીજળીનો સ્ત્રોત પવન અથવા સૌર ઊર્જા જેવા પુનઃપ્રાપ્ય સ્ત્રોત હોય તો આ રીતે ઉત્પન્ન થતા હાઈડ્રોજનને 'ગ્રીન હાઈડ્રોજન' કહેવામાં આવે છે.




- હાઈડ્રોજન સાથે સંકળાયેલા રંગો હાઈડ્રોજન પરમાણુ મેળવવા માટે વપરાતા પાવર સ્ત્રોતને દર્શાવે છે.
- ઉદાહરણ તરીકે જો કોલસાનો ઉપયોગ કરવામાં આવે તો તેને બ્રાઉન હાઈડ્રોજન કહેવામાં આવે છે.
- 'ગ્રીન'એ હાઈડ્રોજન મેળવવા માટે કેવી રીતે વીજળી ઉત્પન્ન થાય છે તેના પર આધાર રાખે છે, જે સળગાવવામાં આવે ત્યારે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરતું નથી.
- ગ્રીન હાઈડ્રોજન હાલમાં વૈશ્વિક હાઈડ્રોજન ઉત્પાદનમાં 1% કરતા ઓછો હિસ્સો ધરાવે છે કારણ કે તેનું ઉત્પાદન કરવું મોંઘુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનની જરૂરિયાત અને ફાયદા

હાઈડ્રોજન એકમ વજન દીઠ તેની ઊંચી ઊર્જા સામગ્રીને કારણે ઊર્જાનો ઉત્તમ સ્ત્રોત છે, તેથી જ તેનો ઉપયોગ રોકેટ ઈંધણ તરીકે થાય છે.

- ખાસ કરીને શૂન્ય ઉત્સર્જન સાથે ગ્રીન હાઈડ્રોજન ઊર્જાનો સૌથી સ્વચ્છ સ્ત્રોત છે.
- તેનો ઉપયોગ કાર માટે અથવા ઊર્જા–સઘન ઉદ્યોગો જેમ કે ખાતર અને સ્ટીલ નિર્માણમાં બળતણ સેલ તરીકે થઈ શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પદ્ધતિ કોઈપણ ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન કરતી નથી.
- એક હાઈડ્રોજન ઈંધણ કોષ ગેસ દ્વારા બળતણ કરાયેલ આંતરિક કમ્બશન એન્જિન કરતા બેથી ત્રણ ગણો વધુ કાર્યક્ષમ છે.
- વિશ્વભરના દેશો ગ્રીન હાઈડ્રોજન ક્ષમતાના નિર્માણ પર કામ કરી રહ્યા છે કારણ કે તે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન વૈશ્વિક ચર્ચાનો વિષય બની ગયો છે, ખાસ કરીને જ્યારે વિશ્વ તેની સૌથી મોટી ઊર્જા સંકટનો સામનો કરી રહ્યું છે અને આબોહવા પરિવર્તનનો ખતરો વાસ્તવિકતામાં ફેરવાઈ રહ્યો છે.

## તમિલનાડુના શ્રી પી.શ્યામનિખિલ ભારતના 85માં ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા



તમિલનાડુના શ્રી પી. શ્યામનિખિલે દેશના 85માં ગ્રાન્ડમાસ્ટર બનીને ભારતીય ચેસના ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કર્યુ છે.

- ચેસની રમત ક્ષેત્રે તેમણે તેની કારકિર્દી આઠ વર્ષની ઉંમરે શરૂ કરી હતી.
- તેમણે 2024 દુબઈ પોલીસ માસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટમાં તેના ત્રીજા અને અંતિમ ગ્રાન્ડ માસ્ટર ધોરણો પ્રાપ્ત કર્યા હતા.
- નોંધનીય છે કે આ અગાઉ સુશ્રી વૈશાલી રમેશબાબુ ભારતના 84માં ગ્રાન્ડમાસ્ટર બન્યા હતા.

## ચેસમાં ગ્રાન્ડમાસ્ટર અથવા ઈન્ટરનેશનલ માસ્ટર શું છે ?

ગ્રાન્ડમાસ્ટર અથવા ઈન્ટરનેશનલ માસ્ટર્સ એ ચેસના ઘણા ખિતાબમાંથી એક છે, જેને વિશ્વ ચેસ સંચાલક મંડળ FIDE દ્વારા એનાયત કરવામાં આવે છે.

- FIDE સમગ્ર વિશ્વમાં પુરુષો અને મહિલા ચેસ ખેલાડીઓને ચાર ખિતાબ આપે છે, તે આજીવન ખિતાબ છે અને ચેસ ખેલાડીઓ તેનો ઉપયોગ કરી શકે છે.
- ગ્રાન્ડમાસ્ટર એ ચેસમાં સર્વોચ્ચ ખિતાબ છે, જે વિશ્વ ચેમ્પિયન ખિતાબની બરોબર છે.
- જ્યારે ઈન્ટરનેશનલ માસ્ટર્સ ગ્રાન્ડમાસ્ટર પછી વિશ્વમાં બીજા ક્રમનું સૌથી વધુ ચેસ ટાઈટલ છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 મે (B) 14 મે (C) 16 મે (D) 17 મે **(C)**

2. 'વિશ્વ કૃષિ–પર્યટન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે **(B)**

3. 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે **(B)**

4. 'શાંતી થી એક સાથે રહેવાનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(A)**

5. ભારતના 'નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન' (National Green Hydrogen Mission) સંદર્ભે નીચેના વિધાનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. આ મિશનનો ઉદ્દેશ્ય ગ્રીન હાઈડ્રોજન અને તેના ડેરિવેટિવ્ઝના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવાનો છે.
2. આ મિશન 2030 સુધીમાં ભારતમાં લગભગ 125 ગીગાવોટની નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ઉમેરવાની સાથે વાર્ષિક ઓછામાં ઓછા 5 MMTની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા વિકસાવસે.
3. તે કુલ રોકાણમાંથી રૂ.8 લાખ કરોડથી વધુ રોકાણ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે અને તેનાથી છ લાખ નોકરીઓ ઉત્પન્ન થવાની અપેક્ષા છે.
4. તેનું નોડલ મંત્રાલય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 1 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

5. તાજેતરમાં ભારતના 85મા ગ્રાન્ડમાસ્ટર કોણ બન્યું છે ?

(A) શ્રી આર શ્યામ વર્મા (B) શ્રી અર્જુન કાર્લેસ

(C) શ્રી વિજયશંકર અય્યર (D) શ્રી પી.શ્યામનિખિલ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 17 મે,** (1) વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા
વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ અથવા
વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ
(2) વિશ્વ હાઈપર ટેન્શન દિવસ
(World Hypertension Day)

## ચાબહાર બંદર કરાર : ભારત - ઈરાન

તાજેતરમાં ભારત અને ઈરાને ઈરાનના ચાબહાર પોર્ટના સંચાલન માટે 10 વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- શાહિદ–બેહેશ્તી ટર્મિનલના સંચાલન માટે ભારતીય પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IPGL) અને ઈરાનના પોર્ટ એન્ડ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (PMO) વચ્ચે આ લાંબા ગાળાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- ઈરાન સાથે લાંબા ગાળાના કરાર પર હસ્તાક્ષર એ મધ્ય એશિયા માટે ભારતના વ્યૂહાત્મક અને આર્થિક દષ્ટિકોણનો એક ભાગ છે.
- તે 2016માં હસ્તાક્ષર કરાયેલા પ્રારંભિક કરારને બદલે છે, જેમાં ચાબહાર બંદરના બેહેશ્તી ટર્મિનલ પર ભારતની કામગીરી આવરી લેવામાં આવી હતી.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ચાબહાર બંદર વિશે

ચાબહાર ઈરાનનું પ્રસિદ્ધ દરિયાઈ બંદર છે.

- તે સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતમાં ઓમાનના અખાતમાં મકરાન કિનારે આવેલું છે.
- તે હિંદ મહાસાગરમાં સીધો પ્રવેશ ધરાવતું એકમાત્ર ઈરાની બંદર છે.
- તેમાં શાહિદ બેહેશ્તી અને શાહિદ કલંતરી નામના બે અલગ–અલગ બંદરોનો સમાવેશ થાય છે.
- ઈરાને ભારતને શાહિદ બેહેશ્તી બંદરના નિર્માણનો પ્રસ્તાવ મુક્યો હતો અને ભારતે આ પ્રસ્તાવ સ્વીકાર્યો હતો.

### ચાબહાર પ્રોજેક્ટ

ભારતે મે 2015માં ચાબહાર પોર્ટના વિકાસ માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા.

- ત્યારબાદ મે 2016માં ભારત, ઈરાન અને અફઘાનિસ્તાને આંતરરાષ્ટ્રીય પરિવહન અને પરિવહન કોરિડોરની સ્થાપના માટે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- જેને 'ચાબહાર કરાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ કરારનો હેતુ ઈરાનના ચાબહાર બંદરનો મુખ્ય ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરીને ત્રણેય દેશો વચ્ચે પરિવહન અને વ્યાપારી જોડાણ સુધારવાનો છે.
- જોકે લાંબાગાળાના કરારને અંતિમ સ્વરૂપ આપવામાં કરારની અમુક કલમો પરના મતભેદો સહિત અનેક પરિબળો દ્વારા અવરોધ ઉભો થયો હતો.
- ભારત એક તટસ્થ દેશમાં મધ્યસ્તા ઈચ્છતું હતું, જ્યારે ઈરાન ઈચ્છતું હતું કે પ્રક્રિયા તેના પોતાના દેશની કોર્ટમાં અથવા મિત્ર દેશમાં હાથ ધરવામાં આવે.
- વિવાદનો મુખ્ય મુદ્દો એ હતો કે વિવાદોના ઉકેલ માટે મધ્યસ્થતા કયાં થવી જોઈએ. હવે બંને પક્ષો તેમના સંબંધિત હિતોને સંતોષવા સોદા માટે સંમત થયા છે.
- કરારમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ મતભેદ બંને દેશોના નેતાઓ વચ્ચે ખુલ્લા સંચાર અને સહયોગ દ્વારા ઉકેલવા જોઈએ.
- આ નવીનતમ લાંબાગાળાના કરારનો ઉદ્દેશ્ય પ્રારંભિક કરારને 10 વર્ષની મુદત સાથે સ્વચાલિત નવીકરણીય જોગવાઈઓ સાથે બદલવાનો છે.

## ભારત માટે ચાબહાર પોર્ટનું વ્યૂહાત્મક મહત્વ

ઐતિહાસિક રીતે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાં ભારતની પહોંચ મોટાભાગે પાકિસ્તાન દ્વારા પરિવહન માર્ગો પર નિર્ભર છે.

- ચાબહાર બંદર ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાં વેપાર માટે વૈકલ્પિક માર્ગ પૂરો પાડે છે, જેના માટે ભારત અગાઉ પાકિસ્તાન પર નિર્ભર હતું.
- ચાબહાર બંદર ભારતને ઈરાન સુધી પહોંચવામાં મદદ કરશે, જે 'ઈન્ટરનેશનલ નોર્થ–સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર' (INSTC)નું મુખ્ય પ્રવેશ બિંદુ છે.
- તે રોડ, રેલ અને દરિયાઈ માર્ગે ભારત, ઈરાન, રશિયા, મધ્ય એશિયા અને યુરોપને જોડે છે.
- સંશાધનથી સમૃદ્ધ મધ્ય એશિયાઈ દેશો અને અફઘાનિસ્તાન સાથેના સંબંધોને વધારવાના ભારતના પ્રયાસોમાં ચાબહાર મહત્ત્વની ભૂમિકા ભજવશે.

- તેનાથી ભારતને તેના વેપાર રૂટમાં વિવિધતા લાવવામાં મદદ મળશે તથા ઈરાન અને અફઘાનિસ્તાન ઉપરાંત રશિયા, યુરેશિયા અને યુરોપના બજારોમાં પ્રવેશ વિસ્તારવામાં મદદ મળશે.
- INSTC રૂટ દ્વારા કાર્ગો અવરજવરથી ખર્ચમાં 30% અને પરિવહનમાં 40% બચત થવાની ધારણા છે.
- કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન જેવા દેશો સમુદ્ર સુધી સીધો પ્રવેશ ધરાવતા નથી, તેમણે ચાબહારનો ઉપયોગ હિંદ મહાસાગર ક્ષેત્ર સાથે જોડવા અને ભારતીય બજારમાં પ્રવેશ માટે રસ દાખવ્યો છે.
- ચાબહાર બંદર અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાયતા અને પુનઃનિર્માણના પ્રયાસો માટે એક મહત્ત્વપૂર્ણ પ્રવેશ બિંદુ તરીકે સેવા આપી શકે છે.
- ચાબહાર બંદરે Covid-19 મહામારી દરમિયાન માનવતાવાદી સહાયના પુરવઠામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
- ભારતે ચાબહાર પોર્ટ દ્વારા અફઘાનિસ્તાનમાં 2.5 મિલિયન ટન ઘઉં અને 2000 ટન કઠોળની નિકાસ કરી છે.
- ચાબહાર પોર્ટના વિકાસ અને સંચાલન દ્વારા ભારત હિંદમહાસાગર ક્ષેત્રમાં તેના વ્યૂહાત્મક પ્રભાવને વધારી શકે છે, જેનાથી ભારતની ભૌગોલિક રાજકીય સ્થિતિ મજબૂત બને છે.
- ચાબહાર પોર્ટ ચીન દ્વારા પાકિસ્તાનમાં ગ્વાદર પોર્ટના વિકાસના કાઉન્ટર તરીકે કામ કરશે.

**નોંધ :** (1) નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન ભારત-ઈરાન દ્વિપક્ષીય વેપાર 2.33 બિલિયન અમેરિકન ડોલર હતો, જે વાર્ષિક ધોરણે 21.76%ની વૃદ્ધિ દર્શાવે છે.

(2) ઈરાનમાં ભારતની નિકાસ 1.66 બિલિયન અમેરિકન ડોલર હતી અને ઈરાનથી ભારતની આયાત 672.12 મિલિયન ડોલર હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતના પૂર્વ રાજ્યપાલ કમલા બેનીવાલનું નિધન

ગુજરાતના પૂર્વ રાજ્યપાલ ડો. કમલા બેનીવાલનું 97 વર્ષની વયે નિધન થયું છે.



### ડો. કમલા બેનીવાલ

ડો. કમલા બેનીવાલનો જન્મ 12 જાન્યુઆરી, 1927ના રોજ રાજસ્થાનના એક ગામ ગોરીર ખાતે થયો હતો.

- તેઓ માત્ર 15 વર્ષની વયે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા હતા, અને ભારત છોડો ચળવળમાં સામેલ થયા હતા.
- 1954માં 27 વર્ષની ઉંમરે તેમણે વિધાનસભાની ચૂંટણી જીતી અને રાજસ્થાન રાજ્ય સરકારમાં મંત્રી બન્યા હતા.

- નોંધનીય છે કે રાજસ્થાન સરકારમાં તેઓ <u>પ્રથમ મહિલા મંત્રી</u> બન્યા હતા.
- તેઓ રાજસ્થાનના <u>નાયબ મુખ્યમંત્રી</u> પણ રહી ચૂક્યા છે.
- તેઓ <u>ગુજરાત સહિત ત્રિપુરા અને મિઝોરમના રાજ્યપાલ</u> રહી ચૂક્યા છે. તેઓ પૂર્વોત્તર રાજ્યોમાં પ્રથમ મહિલા રાજ્યપાલ હતા.
- <u>27 નવેમ્બર, 2009</u> થી <u>6 જુલાઈ, 2014</u> સુધી તેઓ ગુજરાતના રાજ્યપાલ તરીકે કાર્યરત હતા.
- સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના યોગદાન બદલ તેઓ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી તરફથી તામ્ર પત્ર પુરસ્કાર પ્રાપ્તકર્તા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(B)**

2. 'વિશ્વ હાઈપર ટેન્શન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(B)**

3. તાજેતરમાં ભારતે 'ચાબહાર પોર્ટ'ના સંચાલન માટે 10 વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પોર્ટ કયા દેશમાં આવેલું છે ?

(A) ઈરાન (B) ઈરાક (C) ઓમાન (D) યુએઈ **(A)**

4. ભારત દ્વારા ઈરાનના 'ચાબહાર બંદર' વિકસાવવાનું મહત્ત્વ શું છે ?

(A) આફ્રિકન દેશો સાથે ભારતના વેપારમાં ઘણો વધારો થશે.

(B) તેલ ઉત્પાદક આરબ દેશો સાથે ભારતના સંબંધો મજબૂત થશે.

(C) ભારતે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે પાકિસ્તાન પર નિર્ભર રહેવું પડશે નહીં.

(D) ભારત, ઈરાક અને યુનાઈટેડ આરબ અમિરાત (UAE) વચ્ચે ગેસ પાઈપલાઈન સુવિધા સ્થાપિત કરવાની સુવિધા સરળ બનશે. **(C)**

5. તાજેતરમાં ડો. કમલા બેનીવાલનું નિધન થયું છે. તેઓ નીચેના પૈકી કયા રાજ્યના રાજ્યપાલ રહી ચૂક્યા છે ?

(A) ત્રિપુરા (B) મિઝોરમ (C) ગુજરાત (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 18 મે,**
**(1) આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day)**
**(2) વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day) અથવા HIV રસી જાગૃતિ દિવસ (HIV Vaccine Awareness Day)**

## આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 18 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સંગ્રહાલય અથવા તો મ્યુઝિયમના મહત્ત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1983મા 18 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' (International Museum Day)ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- જોકે, એ અગાઉ 'International Council of Museums' (ICOM) દ્વારા 1977થી જ આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની થીમ 'Museums for Education and Research' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## રસ્કિન બોન્ડને સાહિત્ય અકાદમી ફેલોશીપ એનાયત કરવામાં આવી

પ્રસિદ્ધ ભારતીય લેખક રસ્કિન બોન્ડને સાહિત્ય અકાદમી ફેલોશીપ એનાયત કરવામાં આવી છે.



- જે સાહિત્ય અકાદમી દ્વારા આપવામાં આવતું સર્વોચ્ચ સાહિત્યિક સન્માન છે.
- 19 મે, 1934ના રોજ હિમાચલ પ્રદેશના કસૌલીમાં જન્મેલા રસ્કિન બોન્ડની 50 વર્ષથી વધુની લાંબી લેખન કારકિર્દી છે.
- તેમણે ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, નોન–ફિકશન, રોમાંસ અને બાળકોના પુસ્તકો સહિત વિવિધ શૈલીઓમાં લખ્યું છે.
- વેગ્રન્ટ્સ ઈન ધ વેગ્રન્ટ્સ, વન્સ અપોન એ મોનસૂન ટાઈમ, એંગ્રી રિવર, સ્ટ્રેન્જર્સ ઈન ધ નાઈટ વગેરે તેમની પ્રસિદ્ધ કૃતિઓ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

## શ્રી સુનીલ છેત્રીએ ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી

### "ભારતીય ફૂટબોલના સુવર્ણયુગનો અંત...."

ભારતીય ફૂટબોલ ટીમના સ્ટાર ખેલાડી અને કેપ્ટન શ્રી સુનીલ છેત્રીએ ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.

- કુવૈત સામે ફીફા વર્લ્ડકપ ક્વોલિફાયર મેચ તેમની છેલ્લી મેચ હશે.

### શ્રી સુનીલ છેત્રી



ભારતના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી શ્રી સુનીલ છેત્રીનો જન્મ 3 ઓગસ્ટ, 1984ના રોજ તેલંગાણાના સિકંદરાબાદ ખાતે થયો હતો.

- તેમના પિતાનું નામ શ્રી કે.બી.છેત્રી અને માતાનું નામ શ્રીમતી સુશીલા છેત્રી છે. તેઓ મૂળ નેપાળના વતની હતા, પરંતુ ઘણા વર્ષોથી ભારત આવી સ્થાયી થયા હતા.
- તેમણે વર્ષ 2001-02માં દિલ્હી ખાતે માત્ર 17 વર્ષની ઉંમરે ફૂટબોલ કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેઓ ભારતીય ટીમ માટે જૂનિયર અને સિનિયર એમ બંને કેટેગરીમાં રમી ચૂક્યા છે.
- તેઓ ભારતીય રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના કેપ્ટન હતા. તથા તેમને 'કેપ્ટન ફેન્ટાસ્ટિક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તેણે 150 ઈન્ટરનેશનલ મેચમાં 94 ગોલ કર્યા છે અને હાઈએસ્ટ ગોલ સ્કોરરમાં (વિશ્વ સ્તરે) ચોથા ક્રમે છે.
- ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, અલી દાઈ, લિયોનેલ મેસ્સી પછી શ્રી સુનીલ છેત્રી ગોલમાં ચોથા ક્રમે છે.
- તેમણે અનેક ચેમ્પિયનશિપ અને ટુર્નામેન્ટમાં ભારતને જીત અપાવી હતી.
- તેમને સર્વકાલિન મહાન ભારતીય ફૂટબોલમાંના એક તરીકે ગણવામાં આવે છે.
- શ્રી સુનીલ છેત્રીને તેમની ઉત્કૃષ્ટ રમત સિદ્ધિ માટે મળેલા પુરસ્કાર નીચે મુજબ છે :

(1) અર્જુન પુરસ્કાર (2011)

(2) પદ્મ શ્રી (2019)

(3) ખેલ રત્ન એવોર્ડ (2021)

## Heat Waves

બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં તાજેતરના ઊંચા તાપમાન અને ધગધગતા પશ્ચિમી પવનોએ લીચીના ફળોને ઉગાડવા માટે અયોગ્ય વાતાવરણ સર્જ્યુ છે.

- તેનાથી સેંકડો લીચી ખેડૂતો માટે સંકટ ઊભું થયું છે, જેઓ આ વર્ષે અનિયમિત હવામાનને કારણે ઓછા ફૂલોની ચિંતામાં હતા.
- પ્રખર ગરમી અને તીવ્ર પશ્ચિમી પવનોને કારણે અપરિપક્વ લીચીના ફળોમાં ભારે ઘટાડો થયો છે.
- નોંધનીય છે કે હીટવેવ્ઝના આગમનથી સમગ્ર વિશ્વ પર પ્રતિકૂળ અસર થઈ છે.

### હીટ વેવ શું છે ?

હીટવેવ અથવા ગરમીનું મોજું અત્યંત ગરમ હવામાનનો લાંબો સમયગાળો છે.

- ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર જો કોઈ સ્ટેશનનું તાપમાન મેદાનો માટે ઓછામાં ઓછું 40 ડિગ્રી સેલ્શિયસ અથવા તેથી વધુ અને પહાડી વિસ્તારોમાં ઓછામાં ઓછું 30 ડિગ્રી સેલ્સિયસ અથવા તેથી વધુ સુધી પહોંચે તો તેને હીટવેવ ગણવામાં આવે છે :



(1) સામાન્ય તાપમાનથી વિચલન (પ્રસ્થાન) :

હીટવેવ : સામાન્યથી વિચલન 4.5°C થી 6.4°C છે.

ગંભીર હીટવેવ : સામાન્યથી વિચલન > 6.4 ડિગ્રી સેલ્સિયસ છે.

(2) વાસ્તવિક મહત્તમ તાપમાનના આધારે :

હીટવેવ : જ્યારે વાસ્તવિક મહત્તમ તાપમાન ≥ 45°C હોય છે.

ગંભીર હીટ વેવ : જ્યારે વાસ્તવિક મહત્તમ તાપમાન ≥ 47°C હોય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હીટ વેવ સામે લડવા માટે IMDની પહેલ અને સાધનો

- જાહેર જનતાને માહિતગાર રાખવા માટે IMD સમયસર આગાહી અને હીટવેવની ચેતવણીઓ જારી કરે છે.
- હીટવેવની તીવ્રતાને વર્ગીકૃત કરવા માટે કલર–કોડેડ સિસ્ટમ (યલ્લો, ઓરેન્જ, રેડ)નો ઉપયોગ કરવામાં આવે છે.
- IMD લોકોને હીટવેવના જોખમો અને સંબંધિત પગલા વિશે શિક્ષિત કરવા જાગૃતિ અભિયાન ચલાવે છે.
- IMD હીટવેવનો સામનો કરવા માટે યોજનાઓ વિકસાવવા અને અમલમાં મૂકવા માટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) સાથે મળીને કામ કરે છે.
- IMD દ્વારા પૂરી પાડવામાં આવેલ 'મૌસમ' જેવી મોબાઈલ એપ્સ, હીટવેવ સંબંધિત ચેતવણી સહિત હવામાન અપડેટ્સ સીધા જ વપરાશકર્તાઓના સ્માર્ટફોન પર પહોંચાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ’ અથવા તો 'International Museum Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(C)**

2. વર્ષ 2024ના ‘આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ’ની થીમ શું છે ?

(A) Museums for a Sustainable Society

(B) Museums and Cultural land Scapes

(C) Museum for equality

(D) Museums for Education and Research **(D)**

3. તાજેતરમાં નીચેના પૈકી કોને સાહિત્ય અકાદમી ફેલોશીપ એનાયત કરવામાં આવી છે ?

(A) રસ્કિન બોન્ડ (B) દિનેશ ચતુર્વેદી (C) એમ. એન. શાહ (D) ગૌરવ ત્યાગી **(A)**

4. તાજેતરમાં ભારતના સ્ટાર ફૂટબોલ ખેલાડી શ્રી સુનીલ છેત્રીએ નિવૃત્તિની જાહેરાત કરી છે. તેના વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેઓ ભારતીય ટીમ માટે જૂનિયર અને સિનિયર એમ બંને કેટેગરીમાં રમી ચૂક્યા છે.
2. તેઓ હાલમાં હાઈએસ્ટ ગોલ સ્કોરરમાં (વિશ્વ સ્તરે) ચોથા ક્રમે છે.
3. તેમને વર્ષ 2021માં ખેલ રત્ન એવોર્ડ એનાયત થયો હતો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. હીટવેવ (Heat Waves) સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. હીટવેવ અત્યંત ગરમ હવામાનનો લાંબો સમયગાળો છે.
2. સ્ટેશનનું મહત્તમ તાપમાન મેદાનો માટે ઓછામાં ઓછું 40 ડિગ્રી સેલ્શિયસ અથવા તેથી વધુ અને પહાડી વિસ્તારોમાં ઓછામાં ઓછું 30 ડિગ્રી સેલ્શિયસ અથવા તેથી વધુ સુધી પહોંચે તો તેને હીટવેવ ગણવામાં આવે છે.
3. ભારતીય હવામાન વિભાગ (IMD) દર વર્ષે જૂન થી માર્ચ દરમિયાનનો ભારત સહિત 9 દેશોમાં 'Heat Waves Indian Ocean' નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કરે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

### ➤ સ્માર્ટ મીટર શું છે ?



તાજેતરમાં ગુજરાતના ઘણા બધા શહેરોમાં સ્માર્ટ મીટર લગાડવામાં આવ્યા છે. તેનો ઘણી જગ્યાએ વિરોધ પણ થઈ રહ્યા છે. સ્માર્ટ વીજળી મીટર સ્માર્ટ પાવર ગ્રીડના ડેટા સંપાદન માટેનું એક મૂળભૂત સાધન છે. સ્માર્ટ મીટરમાં પહેલા જ પૈસા આપ્યા પછી વીજળી વાપરી શકાશે. સાદા મીટરમાં બીલ રિડિંગ માટે કર્મચારી આવતો હતો. સ્માર્ટ મીટરમાં બીલ રિડિંગની જરૂર નહી પડે. સાદા મીટરમાં બિલ આવે ત્યારે નાણા ભરવા માટે જવું પડતું હતું. સ્માર્ટ મીટરમાં પહેલા જ રિચાર્જ કરાવું પડે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EX

## ભારત

### ➤ પ્રેરણા કાર્યક્રમ

તાજેતરમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવે પ્રેરણા કાર્યક્રમની પ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બેઠકને વર્ચ્યુઅલ રીતે સંબોધી હતી. પ્રેરણા એ એક 'પ્રાયોગિક લર્નિંગ પ્રોગ્રામ' છે જેનો ઉદ્દેશ્ય તમામ સહભાગીઓને અર્થપૂર્ણ, અનન્ય અને પ્રેરણાદાયી અનુભવ પ્રદાન કરવાનો છે, જેથી તેઓને નેતૃત્વના ગુણોથી સશક્ત બનાવે છે. તે ભારતીય શિક્ષણ પ્રણાલીના સિદ્ધાંતો અને મૂલ્ય આધારિત શિક્ષણની ફિલસુફીને એકીકૃત કરવાની મજબૂત પ્રતિબદ્ધતા દ્વારા સંચાલિત છે. તે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. દર અઠવાડિયે દેશના વિવિધ ભાગોમાંથી 20 પસંદ કરેલા વિદ્યાર્થીઓ (10 છોકરાઓ અને 10 છોકરીઓ)ની બેચ આ કાર્યક્રમમાં ભાગ લે છે.

➤ **ભારત-ઝિમ્બાબ્વે સંયુક્ત વેપાર સમિતિ (JTC)નું સત્ર**



ભારત–ઝિમ્બાબ્વે સંયુક્ત વેપાર સમિતિનું ત્રીજું સત્ર નવી દિલ્હીમાં 13-14 મે 2024 દરમિયાન યોજાયું હતું. ભારતના પ્રિયા પી. નાયર અને ઝિમ્બાબ્વેના રૂડો એમ. ફરાનસીની સહ–અધ્યક્ષતામાં આ સત્ર દ્વિપક્ષીય વેપારને વધારવા પર કેન્દ્રિત હતું. તેઓ આરોગ્યસંભાળ, નવીનીકરણીય ઊર્જા અને ડિજિટલ અર્થતંત્ર જેવા વિવિધ ક્ષેત્રમાં રોકાણ અને સહકાર તથા બંને પક્ષો નિયમનકારી સહકાર માટે MoU શોધવા અને રોકાણ પ્રમોશન એજન્સીઓ અને ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચેના સંબંધોને મજબૂત કરવા સંમત થયા હતા.

➤ **યુનેસ્કોનું મેમોરી ઓફ ધ વર્લ્ડ એશિયા-પેસિફિક પ્રાદેશિક રજિસ્ટર**

તાજેતરમાં રામચરિતમાનસ, પંચતંત્ર અને સહૃદયલોક–લોકનનો સમાવેશ ‘યુનેસ્કોના મેમોરી ઓફ ધ વર્લ્ડ ‘એશિયા–પેસિફિક રિજનલ રજિસ્ટર’માં કરવામાં આવ્યો છે. આચાર્ય આનંદવર્ધન, પંડિત વિષ્ણુ શર્મા અને ગોસ્વામી તુલસી દાસે અનુક્રમે ‘સહૃદયલોક–લોકન’, ‘પંચતંત્ર’ અને ‘રામચરિતમાનસ’ની રચના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **પ્રવાહી નાઈટ્રોજન**

તમિલનાડુ ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે લિક્વિડ નાઈટ્રોજનના ઉપયોગ અંગે એક પરિપત્ર બહાર પાડ્યો છે. જેમાં જણાવાયું છે કે આ પદાર્થનો ઉપયોગ ફક્ત પેકેજ્ડ ફૂડને સાચવવા માટે જ કરી શકાય છે અને તે સિવાય તેનો ઉપયોગ પ્રતિબંધિત છે. લિક્વિડ નાઈટ્રોજનનો ઉપયોગ મુખ્યત્વે ફૂડ પ્રિઝર્વેટિવ તરીકે થાય છે કારણ કે તે પેકેજ્ડ ખોરાકની શેલ્ફ લાઈફને વિસ્તૃત કરે છે. જ્યારે બાષ્પીભવન થાય છે ત્યારે તે 700 વખત સુધી વિસ્તરી શકે છે, ફૂડ પેકમાં ઓક્સિજનને વિસ્થાપિત કરી શકે છે. અને માઈક્રોબાયલ ક્રિયાને અટકાવે છે, જેનાથી ઉત્પાદનની શેલ્ફ લાઈફ અને તાજગીમાં સુધારો થાય છે. તે એક નિષ્ક્રિય, રંગહીન અને ગંધહીન ક્રાયોજેનિક પ્રવાહી છે. તેનો ઉપયોગ કેન્સરની સારવાર માટે ક્રાયોથેરાપીમાં પણ થાય છે.

➤ **PhonePeએ શ્રીલંકામાં UPI ચુકવણીઓ શરૂ કરી**



PhonePeએ શ્રીલંકામાં UPI ચૂકવણીને સક્ષમ કરવા LankaPay સાથે ભાગીદારી કરી છે, જે વપરાશકર્તાઓને LankaPay QR વેપારીઓ પર વ્યવહાર કરવાની મંજૂરી આપે છે. આ પહેલનો ઉદ્દેશ્ય ભારતીય પ્રવાસીઓ અને વ્યવસાયિક પ્રવાસીઓ માટે એક પરિચિત અને સુરક્ષિત ચુકવણી પદ્ધતિ પ્રદાન કરવાનો છે, જે શ્રીલંકામાં મુસાફરી કરતી વખતે તેમની સુવિધામાં વધારો કરે છે.

## વિશ્વ

➤ **રશિયામાં ભારે ગરમીના કારણે જંગલોમાં આગની ઘટનાઓ**

માર્ચ 2024ની શરૂઆતથી રશિયાના આઠ પ્રદેશોમાં ફેલાયેલી જંગલની આગના પરિણામે આ વર્ષે દેશના મોટાભાગના વિસ્તારોમાં 'ઉચ્ચ' અને 'આત્યંતિક' જંગલની આગની સંભાવના વ્યક્ત કરી છે. આ અગાઉના વર્ષોમાં જોવા મળેલા વલણને અનુસરે છે, જેમ કે 2019 અને 2022માં સાઈબિરીયામાં હીટવેવ્સ જે વિનાશક જંગલોમાં આગનું કારણ બની હતી. વર્ખોયાન્સ્ક, સખા રિપબ્લિક અથવા યાકુટિયાનું શહેર, જે 'વિશ્વના સૌથી ઠંડા રહેવા યોગ્ય સ્થળ' તરીકે ઓળખાય છે. જૂન 2020માં 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે કદાચ આર્કટિક સર્કલ ક્ષેત્રમાં નોંધાયેલ સૌથી વધુ તાપમાન છે. રશિયાના કેટલાક પ્રદેશો જેમાં યહુદી સ્વાયત્ત પ્રદેશ અને ખાબોરોવસ્ક પ્રદેશનો સમાવેશ થાય છે, હાલમાં જંગલમાં આગમાં વ્યાપક વધારાને કારણે કટોકટીની સ્થિતિ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **GPT-4o**




તાજેતરમાં OpenAIએ GPT-4o નામનું તેનું નવીનતમ લાર્જ લેંગ્વેજ મોડલ (LLM) લોન્ચ કર્યું છે, તેને અત્યાર સુધીનું સૌથી ઝડપી અને સૌથી શક્તિશાળી AI મોડલ તરીકે વર્ણાવવામાં આવ્યું છે. GPT 4o (અહિ 'o' ઓમ્નિ માટે વપરાય છે) એ માનવ–કમ્પ્યૂટર ક્રિયાપ્રતિક્રિયાને વધારવા માટે OpenAI દ્વારા વિકસિત રૂપાંતરકારી AI મોડેલ છે. તે વપરાશકર્તાઓને ટેક્સ્ટ, ઓડિયો અને ઈમેજના કોઈપણ સંયોજનને ઈનપુટ કરવાની અને સમાન ફોર્મેટમાં પ્રતિસાદ પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે, જે તેને મલ્ટિ મોડલ AI ફોર્મેટ બનાવે છે.

## ➤ વર્લ્ડ માઈગ્રેશન રિપોર્ટ 2024

વર્લ્ડ માઈગ્રેશન રિપોર્ટ, 2024 'ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન' (IOM) દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. જે વૈશ્વિક સ્થળાંતર પેટર્નમાં નોંધપાત્ર ફેરફારો દર્શાવે છે. વર્લ્ડ માઈગ્રેશન રિપોર્ટ એ IOMનો મુખ્ય દ્વિવાર્ષિક રિપોર્ટ છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારત સિવાય મેક્સિકો, ચીન, ફિલિપાઈન્સ અને ફ્રાન્સ ટોચના પાંચ રેમિટન્સ મેળવનારા દેશોમાં અન્ય ચાર દેશો હતા. અને વર્ષ 2010, 2015, 2020 અને 2022માં ભારત સૌથી વધુ રેમિટન્સ મેળવનાર દેશ હતો. આંતરરાષ્ટ્રીય રેમિટન્સ 2000 અને 2022ની વચ્ચે 128 બિલિયન યુએસ ડોલરથી 831 બિલિયન યુએસ ડોલર સુધી 650% વધીને 2022માં સૌથી વધુ 111 બિલિયન યુએસ ડોલર પ્રાપ્ત થયા હતા. ત્યારબાદ મેક્સિકો આવે છે. કુલ રેમિટન્સમાંથી 647 બિલિયન અમેરિકન ડોલર સ્થળાંતરકારો દ્વારા ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં મોકલવામાં આવ્યા હતા. ઘણા દક્ષિણ એશિયાના લોકો માટે આવકના મહત્ત્વના સ્ત્રોત તરીકે રેમિટન્સ સેવા આપતા હોવા છતા, આ પ્રદેશમાં સ્થળાંતર કામદારો વિવિધ પડકારો માટે સંવેદનશીલ રહી છે. UAE, US અને સાઉદી અરેબિયા જેવા દેશોમાં મોટા ડાયસ્પોરા સાથે ભારત વિશ્વમાં સૌથી વધુ સંખ્યામાં આંતરરાષ્ટ્રીય સ્થળાંતરનું ઘર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ચીનનો ઉચ્ચ ઊર્જા ફોટોન સ્ત્રોત

ચીન ચોથી પેઢીના અત્યાધુનિક સિંક્રોટન પ્રકાશ સ્ત્રોત, હાઈ એનર્જી ફોટન સોર્સ (HEPS)ના નિર્માણ સાથે એક મોટી વૈજ્ઞાનિક સફળતા હાંસલ કરી શકે છે. આ વિકાસ ચીનને વિશ્વના કેટલાક સ્પષ્ટ એક્સ–રે જનરેટ કરવામાં સક્ષમ દેશોના પસંદગીના જૂથમાં ઉમેરશે. ચીનનો હાઈ એનર્જી ફોટોન સોર્સ (HEPS) લગભગ હુએશેઉમાં સ્થિત છે, આ એક્સિલેટર તેની 1.36 કિમી પરિમિતિ સ્ટોરેજ રિંગમાં 6 ગીગા ઈલેક્ટ્રોન વોલ્ટની ઊર્જાને વેગ આપવા માટે રચાયેલ છે. નોંધનીય છે કે સિંક્રોટન એ ફૂટબોલ સ્ટેડિયમના કદના મોટા ગોળાકાર કણ પ્રવેગક છે, જે મજબૂત ચુંબકીય ક્ષેત્ર સાથે ટનલની અંદરના ગોળાકાર ચેમ્બરમાં મુસાફરી કરવા માટે ઉચ્ચ–ઊર્જાવાળા ઈલેક્ટ્રોનને ઉત્તેજિત કરે છે અને તેનો ઉપયોગ પ્રકાશના તીવ્ર કિરણો ઉત્પન્ન કરવા માટે થાય છે.

1. તાજેતરમાં કયા દેશે પ્રવાહી ઓક્સિજનનો ઉપયોગ કરીને 'SR75' નામનું Candle Wax સંચાલિત રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કર્યુ છે ? – જર્મની

2. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ફોરમ ઓન ફોરેસ્ટ્સ (UNFF)નું 19મું સત્ર કયાં યોજાયું હતું ? – ન્યુયોર્ક

3. રાષ્ટ્રીય મહિલા હોકી લીગ 2024 માટે કઈ કંપનીએ હોકી ઈન્ડિયા સાથે ભાગીદારી કરી છે ? – કોકા કોલા

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'કાવા સાકી ડિસીઝ' શું છે ? – એક દુર્લભ હૃદય રોગ

5. મિલિટરી પોટેન્શિયલ સાથે ઓલ–ટેરેન વાહનોની 'ASHVA' શ્રેણી કયા શહેરમાં વિકસાવવામાં આવી હતી ? – બેંગ્લુરૂ

6. ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024 માટે શ્રીલંકા મેન્સ ટીમના 'ઓફિશિયલ સ્પોન્સર' તરીકે કઈ કંપનીની નિમણૂક કરવામાં આવી છે ? – અમૂલ

7. તાજેતરમાં યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) દ્વારા કયા ભારતીય કુસ્તીબાજને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ? – બજરંગ પુનિયા

8. તાજેતરમાં કયા બે દેશોએ હાયપરસોનિક મિસાઈલ માટે સંયુક્ત રીતે ઈન્ટરસેપ્ટર્સ વિકસાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાન

9. કયા દેશમાં સ્પર્ધા માટેના વિશ્વના સૌથી ઊંચા સ્વિમિંગ પુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે ? – ભૂટાન

10. તાજેતરમાં સંરક્ષણ પર 12મી ભારત–મંગોલિયા સંયુક્ત કાર્યકારી જૂથ (JWG) બેઠક કયાં યોજાઈ હતી ? – ઉલાનબાતર

11. 'કેનોરહેબડાઈટિસ એલિગન્સ' તાજેતરમાં સમાચારમાં હતું તે શું છે ? – નેમાટોડ

12. કઈ સંસ્થાએ ચંદ્ર પર પ્રથમ ચંદ્ર રેલવે સિસ્ટમ બનાવવાની જાહેરાત કરી છે ? – NASA

13. SAIL દ્વારા ભારતનો પ્રથમ 15 મેગાવોટનો ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ કયા રાજ્યમાં સ્થાપિત કરવામાં આવશે ? – છત્તીસગઢ

14. કઈ કંપનીએ 'ડ્રોન દીદી' પાઈલટ પ્રોજેક્ટ માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય સાથે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે ? – મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. સ્પેનિશ નેશનલ રિસર્ચ કાઉન્સિલના પુરાતત્વવિદોએ સ્પેનના ગુએરેનામાં પાંચ ચહેરાવાળો પથ્થર શોધી કાઢ્યો છે, જે લુપ્ત થઈ ગયેલી _____ સંસ્કૃતિનો છે. – ટોર્ટેસોસ

16. તાજેતરમાં કયા દેશે વિશ્વના પ્રથમ 6G ઉપકરણનું અનાવરણ કર્યુ છે ? – જાપાન

17. તાજેતરમાં શિક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે 'ગ્લોબલ એક્સેલન્સ એવોર્ડ 2024'થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ? – ચંદ્રકાંત સતિની

18. તાજેતરમાં ભૂવનેશ્વરમાં 27મી ફેડરેશન કપ વરિષ્ઠ રાષ્ટ્રીય સ્પર્ધામાં મેન્સ જેવેલિન થ્રોમાં કોણે ગોલ્ડ મેડલ જીત્યો છે ? – શ્રી નીરજ ચોપરા

19. 'NASA PREFIRE ધ્રુવીય મિશન' તાજેતરમાં સમાચારમાં હતું, તે કયા દેશમાંથી શરૂ કરવામાં આવશે ? – ન્યુઝીલેન્ડ

20. તાજેતરમાં ભારતીય વાયુસેનાએ આગ્રામાં BHISHM પોર્ટેબલ હોસ્પિટલનું પરીક્ષણ કર્યુ હતું, જે _____નો ભાગ છે. – ભીષ્મ પ્રોજેક્ટ

21. _____ દેશ ભારતીય સેનાને Igla-S વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ (VSHORAD) સિસ્ટમ પહોંચાડવાની તૈયારીમાં છે. – રશિયા

22. પર્યાવરણ સંરક્ષણમાં યોગદાન આપતી વ્યક્તિઓ માટે કયા દેશે 10 વર્ષનો નવો બ્લુ રેસિડેન્સી વિઝા રજૂ કર્યો છે ? – યુનાઈટેડ આરબ અમિરાત (UAE)

23. ભારતીય સૈન્ય દ્વારા ઉચ્ચ ઊંચાઈ પર ટેન્ક રિપેર સુવિધા કયાં સ્થાપિત કરવામાં આવી છે ? – લદાખ

24. તાજેતરમાં કયો દેશ તેની તમામ હિમનદીઓ ગુમાવનાર વૈશ્વિક સ્તરે પ્રથમ દેશ બન્યો છે ? – વેનેઝુએલા

25. 'રેડ કોલંબસ વાંદરાઓ' તાજેતરમાં સમાચારમાં હતા, તે મુખ્યત્વે કયા પ્રદેશમાં જોવા મળે છે ? – આફ્રિકા

26. CITI પેરા સ્વિમિંગ વર્લ્ડ સિરીઝમાં કોણે બ્રોન્ઝ જીત્યો છે ? – બિનિત રોય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# MAINS PRACTICE QUESTIONS :
## ઈતિહાસ

1. હડપ્પા ખોદકામમાં મળી આવેલી અનેક વસ્તુઓ સામાન્ય વહીવટ અને રાજકીય સત્તાની હાજરી સૂચવે છે. – ચર્ચા કરો
2. સિંધુ ખીણની સંસ્કૃતિના ઉદય અને પતન તરફ દોરી જતા પરિબળોનું વિશ્લેષણ કરો.
3. પ્રાચીનકાળમાં શિક્ષણ કેન્દ્ર તરીકે નાલંદા અને વલભી વિદ્યાપીઠનું મહત્ત્વ ચકાસો.
4. વિજયનગર સામ્રાજ્યની સાંસ્કૃતિક અને કલાત્મક સિદ્ધિઓનું વર્ણન કરો.
5. ગુપ્તકાળને 'સુવર્ણ યુગ' કહેવા માટે ગુપ્તકાળના સુવર્ણ સિક્કાઓ ઉપરાંત ઘણું બધુ છે – વિગતવાર સમજાવો.
6. વિજયનગર સામ્રાજ્યમાં નયનકારા પદ્ધતિ ઉપર સંક્ષિપ્ત નોંધ લખો.
7. વિજયનગર રાજ્ય વિશે માહિતી આપના વિદેશી પ્રવાસીઓના વૃત્તાંત (વાર્તા)નું વિગતવાર વર્ણન કરો.
8. 'ચૌથ' અને 'સરદેશમુખી' મરાઠા સામ્રાજ્યમાં વહીવટ માટે આવકના મહત્ત્વના સ્ત્રોત બન્યા હતા, આ બંને વચ્ચેનો તફાવત જણાવો.
9. ચોલા શાસકો શક્તિશાળી વિજેતાઓ, કાર્યક્ષમ વહીવટકર્તાઓ અને સુંદર મંદિરોના નિર્માતા હતા.–ટિપ્પણી કરો.
10. સોલંકી રાજવંશને ગુજરાતના ઈતિહાસનો સુવર્ણયુગ ગણવામાં આવે છે.–આ વિધાનની ચર્ચા કરો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT